।। શ્રી મહાવીરાય નમઃ।।

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૭ જુલાઈ ૨૦૨૪** **મહિલા મંડળ** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**OPEN BOOK / REGULAR** **શ્રેણી – ૧** **WRITER** **YES / NO**

| STUDENT NAME | | ROLL NO. | |
|---|---|---|---|
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | SUPARVISOR SIGN. | |

**MARKS**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |

(૪૦)

**પ્ર.૧ સામાયિક–પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૧૦)**

૧. પયાહિણં **વંદામિ નમંસામિ સક્કારેમિ સમ્માણેમિ કલ્લાણં** મંગલં

૨. ઠામિ **કાઉસ્સગં અન્નત્થ ઉસસિએણં નિસસીએણં ખાંસીએણં** છીએણં

૩. પરિયાવિયા **કિલામિયા ઉદ્દવિયા ઠાણાઓઠાણં સંકામિયા જીવિયાઓ** વવરોવિયા

૪. એવમાઈએહિં **આગારેહિં અભગ્ગો અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો** જાવ

**(૨) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો.** **(૬)**

૧. ઝાણેણં **શુભ ધ્યાનમાં મનની એકગ્રતા કરીને** ૨. મુચ્છાએ **મૂર્છા આવવાથી**

૩. સંતાણા **કરોળિયાના જાળાં** ૪. સવ્વ પાવ **સર્વ પાપોનો**

૫. ચેઈયં **આપ જ્ઞાનવંત છો** ૬. ઓસા **બિંદુ, ઝાકળ, ઠાર**

**(૩) નીચેના શબ્દોના મૂળ પાઠ (માગધી) લખો.** **(૬)**

૧. રાખ્યા હોય **સંકામિયા** ૨. દુ:ખ દીધું હોય **વિરાહિયા**

૩. ભાંગે નહિ **અભગ્ગો** ૪. સર્વ મંગલોમાં **મંગલાણં ચ સવ્વેસિં**

૫. ધર્મદેવ રૂપ છો **દેવયં** ૬. નીચો શ્વાસ મૂકવાથી **નીસસિએણં**

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.** **(૧૮)**

૧. નમસ્કાર સૂત્રના પાંચ પદ આપણા માટે કેવા છે? (૮)

**નમસ્કાર સૂત્રના પાંચ પદ આપણા માટે પરમ ઈષ્ટ એટલે કે પરમ કલ્યાણકારી છે.**

૨. તિકખુત્તોનું બીજું નામ શું છે? શા માટે?

**ગુરુવંદન સૂત્ર કારણ કે તિકખુત્તોના પાઠ દ્વારા ગુરુને વંદના કરાય છે.**

૩. ઉપાધ્યાયજી કોને કહે છે?

**શ્રી આગમસૂત્રોનું, શાસ્ત્રોનું અધ્યયન કરનારા અને કરાવનારા છે.**

૪. વંદના શેની પ્રોસેસ છે? તેનાથી શું ઘટે છે?

**વંદના અહંકારની વૃત્તિ ઘટાડવાની પ્રોસેસ છે. તેનાથી ઈગો ઘટે છે.**

૫. બે વ્યક્તિ વચ્ચે કેવો વ્યવહાર કરવાનો નથી?

**બે વ્યક્તિ વચ્ચે ક્લેશ-કંકાસ થાય તેવો વ્યવહાર કરવાનો નથી.**

૬. તસ્સ ઉત્તરી શેની તૈયારીરૂપ છે?

**કાયોત્સર્ગની સાધના શરૂ કરતા પહેલાની પૂર્વતૈયારી રૂપ છે.**

૭. ચાલતી વખતે કોની રક્ષા કરવાની છે?

**ચાલતી વખતે નાના મોટા જીવોની રક્ષા કરવાની છે.**

૮. કાઉસ્સગ્ગમાં શા માટે આગાર છે?

**કાઉસ્સગ્ગમાં જે આગાર બતાવ્યા છે તે શરીરની સ્વયં સંચાલિત તેમ જ નૈસર્ગિક સ્વાભાવિક ક્રિયાઓ છે.**

૯. બે શબ્દમાં જવાબ લખો. (૫)

૧) સામાયિકના ત્રીજા પાઠનું નામ શું છે? **ઈરિયાવહિયં સૂત્ર, આલોચના સૂત્ર**

૨) કાયોત્સર્ગ શેનો નાશ કરવા માટે કરાય છે? **૧૮ પાપ, ૮ કર્મ**

૩) આજ્ઞાચક્ર કેવું થાય છે? **એક્ટીવ, બેલેન્સ**

૪) નમસ્કાર સૂત્રના સ્મરણથી શેનો નાશ થાય છે? **અહંકાર, સ્વચ્છંદ બુદ્ધિ**

૫) બેઈન્દ્રિયમાં કઈ કઇ ઈન્દ્રિયો હોય? **સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય**

૧૦. ખાલી જગ્યા પૂરો. (૩)

૧) નમસ્કાર સૂત્રના સ્મરણથી ......., ....... ગુણો પ્રગટે છે. **નમ્રતા, વિનય**

૨) કાયોત્સર્ગ ...... તપ છે, તેથી ...... થાય છે. **આભ્યંતર, તપસાધના**

૩) નોકરને તિરસ્કારપૂર્વક કાઢીએ તો ...... દોષ લાગે છે. **અભિહયા**

૪) મધ્યમ વંદના ...... પાઠ દ્વારા થાય છે. **તિક્ખુત્તો**

૧૧. એક શબ્દમાં જવાબ લખો. (૨)

૧) આપણને સત્યની સમજણ કોણ આપે છે? **ગુરુ**

૨) શેના પર ચાલવાનું નથી? **ઘાસ**

૩) નમસ્કાર સૂત્ર વ્યક્તિવાચક નથી તો શું છે? **ગુણવાચક**

૪) કાઉસ્સગ્ગ દ્વારા શું થાય છે? **કર્મનિર્જરા**

(૨૦)

**પ્ર.૨ (અ) સામાન્ય સમજણ વિભાગના આધારે લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.** **(૧૦)**

૧. તીર્થંકર ૧ અને ૮ **૧ ઋષભદેવ સ્વામી ૮ ચંદ્રપ્રભ સ્વામી**

૨. સતી ૨ અને ૯ **૨ સુંદરી ૯ સીતા**

૩. દ્રવ્ય ત્રીજું **આકાશાસ્તિકાય**

૪. કાય છટ્ઠી **ત્રસકાય**

૫. ગણધર ૪ અને ૧૦ **૪ વ્યક્તાજી ૧૦ મેતાર્ય**

૬. કર્મ ૫ અને ૭ **૫ આયુષ્ય ૭ ગોત્ર**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૧૦)**

૧. માળાથી કયા તપનો લાભ થાય છે? **માળાથી સ્વાધ્યાય તપનો લાભ થાય છે.**

૨. મુહપત્તિ પહેરવાથી કયા જીવોની રક્ષાના ભાવ સાથે આપણામાં કયા ગુણ પ્રગટ થાય છે?

**મુહપત્તિ પહેરવાથી સૂક્ષ્મ જીવોની રક્ષાના ભાવ સાથે આપણામાં કરુણાના ગુણ પ્રગટ થાય છે.**

૩. રજોહરણ શા માટે દેવલોકના દેવોને પણ દુર્લભ છે?

**દેવતાઓ પાસે અઢળક સંપત્તિ હોવા છતાં પણ તેઓ આ ઉપકરણને પ્રાપ્ત કરી શક્તા નથી.**

૪. પ્રભુના જ્ઞાનને શું કરવાનું છે? **પ્રભુના જ્ઞાનને નિત્ય સ્મરણમાં રાખવાનું છે.**

૫. પછેડી પહેરવાથી શું ઘટવા લાગે છે?

**પછેડી પહેરવાથી આપણા અવગુણો અને આપણી અનંતકાળની વૃત્તિઓ ઘટવા લાગે છે.**

૬. ઠવણી શા માટે રાખવામાં આવે છે? **પુસ્તક ફાટે નહિ, બગડે નહિ તે માટે ઠવણી રાખવામાં આવે છે.**

૭. આસન શા માટે રાખવામાં આવે છે? **જીવદયાની રક્ષા માટે આસન રાખવામાં આવે છે.**

૮. મૂઢ કયું કર્મ બનાવે છે? કઈ વ્યક્તિમાં શક્તિ હોય છે?

**મૂઢ મોહનીય કર્મ બનાવે છે. શીલ સંપન્ન વ્યકતિમાં શક્તિ હોય છે.**

૯. તીર્થંકરના ગુણગાન કેવી રીતે થાય છે? **તીર્થંકરના ગુણગાન શ્રદ્ધા અને ભક્તિથી થાય છે.**

૧૦. ગણધરની પદવી તીર્થંકર કોને આપે છે?

**ત્રણ શબ્દો સાંભળીને જેમને ૧૪ પૂર્વ સહિત ૧૨ અંગસૂત્રનું જ્ઞાન થઈ જાય તેને ગણધરની પદવી આપે છે.**

(૧૫)

**પ્ર. ૩ સંસ્કાર વિભાગના આધારે લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.** **(૬)**

૧. આહાર કેવો લેવો જોઈએ? **જેમાં ઓછામાં ઓછી હિંસા થાય તેવો વિવેક રાખીને આહાર લેવો જોઈએ.**

૨. ઉપકાર માનવાથી જીવન કેવું થાય છે? **જીવન શાંતિમય, પ્રસન્ન અને ચિંતામુક્ત બને છે.**

૩. જય જિનેન્દ્ર શેની ઓળખ છે? **જય જિનેન્દ્ર જૈનત્વની ઓળખ છે.**

૪. વિનયના કારણે આપણો વિકાસ કયા ક્ષેત્રમાં થાય છે? **જીવન અને અધ્યાત્મના દરેક ક્ષેત્રમાં આપણો વિકાસ થાય છે.**

૫. આહાર કોને કહે છે? **પોતાના ક્ષુધા વેદનીયને શાંત કરવા જીવ જે કાંઈપણ ગ્રહણ કરે છે તે આહાર.**

૬. આપણે કોનો ઉપકાર માનવો જોઈએ? **માતા–પિતા, દેવ, ગુરુ ભગવંત,ધર્મ, શેઠ.**

૭. આપણે ઉપકાર શા માટે માનવો જોઈએ? **(૪)**

**૧) ઉપકારીનો ઉપકાર માનવો તે આપણો વિનય છે. વિનય વગરની પ્રાપ્ત કરેલી સંપત્તિ, સત્તા, જ્ઞાન, તપ, જપ આદિ કંઈ પ્રાપ્ત થયું હોય તો પણ મળેલું ફળતું નથી અને ગુમાવવાનો વારો આવે છે.**

**૨) ઉપકારનું સતત સ્મરણ એટલે ઉપકારીના હૃદય સુધી પહોંચવાની માસ્ટર કી છે.**

**3) ઉપકારીના ઉપકારનું વેદન કરવાથી ફરીથી તે ઉપકારીજનોના યોગ, સંયોગ પ્રાપ્ત થાય છે.**

**(૨) ખાલી જગ્યા પૂરો.** **(૫)**

૧. જેઓએ ...... અને ...... જીતી લીધા છે તેવા કેવળી ભગવંતો. **રાગ, દ્વેષ**

૨. જેમાં ......, ...... વગેરે વાપર્યું હોય તેવી વસ્તુ ખાવી નહિ. **હાડકાનો પાઉડર, જીલેટીન**

૩. રાજબાઈ ...... અને ...... શ્રાવિકા હતા. **ધર્મચુસ્ત, સદ્‌ગુણી**

૪. વિનય સે ...... ખિલે, ...... કા પ્યાર મિલે. **પૂર્ણ જ્ઞાન, સજ્જનો**

૫. ...... ને ગ્રહણ કરતી વખતે ...... ભાવ ન રાખવો. **ભોજન, આસક્તિ**

(૫)

**પ્ર.૪ ધર્મ અને વિજ્ઞાનના આધારે નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો.**

૧. પરમાત્મા પોતાની સાધના દ્વારા જ્ઞાનને પ્રગટાવે છે.

**ખોટું. પરમાત્મા પોતાની સાધના દ્વારા ભીતરના જ્ઞાનને પ્રગટાવે છે.**

૨. વિજ્ઞાન બાહ્યદષ્ટિથી સુખને મૂલવે છે. **સાચું.**

૩. વિજ્ઞાન સ્વ કેન્દ્રિત છે. ધર્મ પોતાના સુખનો વિચાર કરે છે.

**ખોટું. વિજ્ઞાન સ્વ કેન્દ્રિત છે. ધર્મ સર્વના સુખનો વિચાર કરે છે.**

૪. શબ્દ એ પરમાણુ છે. **ખોટું. શબ્દ એ પુદ્‌ગલ છે.**

૫. સૂર્યાસ્ત પછી ભોજન કરવાથી ઘણા જીવોની વિરાધના થાય છે. **સાચું.**

(૧૦)

**પ્ર.૫ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૬)**

૧. નયસારનો સ્વભાવ કેવો હતો? **નયસારનો સ્વભાવ ગુણગ્રાહી, દયાવાન અને પરોપકારી હતો.**

૨. મેઘરથ રાજા શા માટે જાંઘનું માંસ કાપીને ત્રાજવામાં મૂકવા લાગ્યા?

**તેઓને કબૂતરને બચાવવું હતું.**

૩. કમઠે શું વધાર્યું? **કમઠે પોતાનો અનંત સંસાર પરિભ્રમણ વધારી દીધો.**

૪. આર્દ્રકુમારને કયું જ્ઞાન ઉત્પન્ન થયું? **આર્દ્રકુમારને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું.**

૫. આપણે કેવી ગિફ્ટ આપવાની? **ભૌતિક નહિ પણ આધ્યાત્મિક રુચિ વધારે તેવી.**

૬. આપણે અપ્‌કાયના જીવોને કેવી રીતે બચાવવાના?

**હોળી રમવાનું બંધ કરીને આપણે અપ્‌કાયના જીવોને બચાવવાના.**

**(૨) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૪)**

૧. ધર્મને તો અમે જ જાણીએ. **કમઠ ભગવાનને કહે છે.**

૨. આ બાજુ આવ્યા છીએ. **મુનિરાજ નયસારને કહે છે.**

૩. તું થોડી ધીરજ રાખ. **મેઘરથ રાજા બાજ પક્ષીને કહે છે.**

૪. આ બધું શું છે? **આર્દ્રકુમાર મનમાં વિચારે છે.**

(૧૦)

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. બાર **ગુણોથી શોભતા, અરિહંત દેવ છે, ચોત્રીસ અતિશયોથી દીપતા, દેવાધિદેવ છે,**
**તીર્થની સ્થાપના કરે એ તો,તીર્થંકર દેવ છે...** બાર...

૨. અરિહંત **સિદ્ધ દેવ અમારા, નિર્ગ્રંથ છે ગુરુ અમારા,**
**જીવો અને જીવવા દો, એ છે નારો, દુનિયામાં છે સહુથી** અનેરો.

૩. મેણા **કદિ મરાય ના... દ્રૌપદીજી કહે સૌને, મેણા મારી મહાભારત રચાય ના.**
**ના ના ના રે ના ના મોહ કદિ રખાય ના... નંદ મણિયાર કહે સૌને, મોહ રાખી** દુર્ગતિમાં જવાય ના.

૪. જ્ઞાનીજનોના **મુખેથી ભક્તિના ગુણો ગવાયા છે. ભક્તિ ગુણથી શોભતા સુલસાજી સવાયા છે.**
**ભક્તિ મોક્ષનું મૂળ છે, અશાતના એ તો શૂળ છે.** સ્વાર્થ ભરેલું.

૫. એક શબ્દમાં જવાબ લખો.

૧) કોની સામે હારવાનું નથી? **કષાયો** ૨) ઉપાધ્યાય શેના પ્રસારક છે? **શ્રુતપ્રસારક**

૩) શેમાં ફસાવાનું નથી? **વિષયો** ૪) તપ શેનું મૂળ છે? **નિર્જરા**

**જય – જિનેન્દ્ર**

- PLEASE CONATADØCT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.
- NEXT CLASS STARTS AUGUST 6TH/7TH MONDAY AND TUESDAY
- TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914
- FOR BOOKS AND EXAM REGISTRATION